R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અબૂબ ૪૦ : ૧૯

નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

If undelivered pl. return to;
(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

આપનું લવાજમ બાકી છે/હતા ( )-ના ( )

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-21 • ISSUE: 22 DATE: 02-06-2012• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

હેબીટંટ કેમ્પેન દ્વારા ઝુંપડાવાસીઓને ઘર બાંધી અપાશે

ક્રિશ્ચિયન હાઉસીંગ મિનિસ્ટ્રી દ્વારા ગરીબ અને ઝુંપડાવાસીઓ માટે પોષાય તેવા સારા ઘરો બાંધી આપવામાં આવશે.૧૦૦ જેટલા હેબીટંટના સ્વયંસેવકો આ ઘરો બાંધવામાં મદદ કરશે.સવદા ધેવરા અને ભાલાસવા ખાતે આ મકાનો બાંધવામાં આવશે. અન્ય સ્વયંસેવકોમાં સાલ્વેશન આર્મી ,બ્લુમબાર્ગ,વરપુલ,મધોક ફાઉન્ડેશન, સ્થાનિક ચર્ચો અને બીજા અન્યો પણ સામેલ થશે.ભાલસવા વિસ્તાર નોર્થ-વેસ્ટ દિલ્હીમાં આવેલો છે.તેની નજીકમાં એમસીડી લેન્ડફીલ સાઈટ જહાંગીરપુરી આવેલ છે.આ કોલોની ૨૦૦૦માં અસ્તિત્વમાં આવેલી હતી.યમુના પુસ્તા એરીયામાંથી ઝુપડાવાસીઓને ખસેડવામાં આવ્યા ત્યારથી તેઓ અહીયા સ્થાઈ થયા છે.આ વિસ્તારમાં અનેક મુશ્કેલીઓ રહેનારા લોકો વેઠી રહ્યા છે.યુનોના અંદાજ પ્રમાણે ૫૦૦ મીલીયન લોકો એશીયા પેસીફીકમાં ઝુંપડપટ્ટીમાં રહે છે.એમ કહેવાય અડધુ વિશ્વ,ઝુપડપટ્ટીઓમાં નિવાસ કરે છે.

નોર્થ વેસ્ટ દિલ્હીના વિસ્તારોમાં ચેતનાલય દ્વારા સારી રહેવાની સગવડ ઉભી કરવા કેટલાક વર્ષોથી પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.ભાલસવા,ઉપરાંત સવધા ધેરવા ખાતે હેબીટંટ હ્યુમીનીટી દ્વારા સારા મકાનોની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.જેમાં ક્રિશ્ચિયન મીનિસ્ટ્રી દ્વારા ૪૧ મકાનો અપંગ કુટુંબો માટે બનાવવામાં આવ્યા છે.મધોક ફાઉન્ડેશનના પ્રયત્નો થી મકાનો માટે જમીન ફાળવવામાં આવી છે.મકાનો બાંધવા માટે ધ કોન્ફીડરેશન ઓફ રીયલ એસ્ટેટ ડેપલપર્સ એસો.ઓફ ઈન્ડીયા દ્વારા નાણાં આપવામાં આવ્યા છે.અન્યો દિલ્હી-એનસીઆર અને એચડીએફસી બેન્કે પણ નાણાંની સુવિધા આપી છે.

૧૦હજાર યુવાનોએ સોશ્યલ અને ડીજીટલ નેટવર્ક દ્વારા લોકોને ગરીબો માટે આવાસ ઉભા કરવા માટે મદદનો સંદેશો પહોચાડ્યો છે.આ સંદેશો ૩ લાખ લોકો સુધી પહોચ્યો છે.સારા મકાનો ગરીબોના જીવન બદલી શકે છે.બાળકો સ્કુલોમાં સારુ યોગદાન આપી શકે છે.આર્થિક રીતે સારી તકો ઉભી થાય છે. અને સામાજીક જાગૃતિ અને બંધુત્વની ભાવનાનો વિકાસ થાય છે તેવું રીક હેથવે,એશીયા પેસીફીક, હેબીટંટ, હ્યુમેનીટી ઈન્ટરનેશનલના વાઈસ પ્રેસિડેન્ટે જણાવ્યું હતું.એરીક ક્રિસ્ટોફર, સીઈઓ,હ્યુમેનીટી ઈન્ડીયાએ જણાવ્યું હતું કે સારા મકાનોની સવલત ઉભી થવાથી ગરીબીની સાંકળમાં લોકો મુક્ત બની,તેમના કુટુંબોને આર્થિક રીતે પગભર થવા માટે સ્વતંત્ર મેદાન પુરુ પાડે છે.

પેટ્રોલના ભાવોમાં અસહ્ય વધારો

ડોલરના મુકાબલે ઘસાતા જતા રુપીયાના કારણે પેટ્રોલના ભાવોમાં સરકારી તેલ કંપનીઓએ લીટર દીઠ ૭.૫૦નો વધારો ઝીંકી દીધો છે.જે સામાન્ય અને મધ્યમ વર્ગના લોકો માટે મોટી આફત સામાન છે.કારણકે પેટ્રોલના ભાવ વધારા બાદ જીવન જરુરીયાતની ચીજવસ્તુઓના ભાવો આસમાને પહોચશે.જે આમ આદમીના બજેટને છિન્નભિન્ન કરી નાંખશે.

ફુડનફુલમ પ્રોજેક્ટ સામે અચોક્કસ મુદતના ઉપવાસનું આંદોલન સ્થગિત

ધ પીપલ્સ મુવમેન્ટ અગેનસ્ટ ન્યુકલીયર એનર્જી,દ્વારા ૧ લી મે થી અચોક્કસ મુદતના ઉપવાસ કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું પરંતુ મદ્રાસ હાઈકોર્ટના ભુતપુર્વ ચીફ જસ્ટીસ,દીલ્હી હાઈકોર્ટના એપી શાહ અને બીજાઓએ આ આંદોલન સ્થગિત કરવાની વિનંતી કરતાં તે સ્વીકારવામાં આવી હતી.જો કે ૨૫ પુરુષો અને ૩૦૨ મહિલાઓ તા.૧ થી ૪ મે સુધી ઉપવાસ પર બેઠા હતા.આંદોલનકારોએ જણાવ્યું હતું કે તામીલનાડું સરકાર કે ભારત સરકાર તરફથી તેમની ૧૧ માંગણીઓના સંદર્ભમાં તેમને ચર્ચા માટે હજુ સુધી બોલાવાયા નથી.

તેમણે કહ્યું હતું કે સેન્ટ્રલ અને રાજ્ય સરકારો માઓવાદીઓ સાથે તેમના અધીકારીઓના કે રાજકારણીઓના અપહરણ માટે ચર્ચા માટે દોડી જાય છે.અને તેમની માંગણીઓ સ્વીકારી લેવામાં આવે છે.પરંતુ આ સરકારો માછીમારો અને ખેડુતોની વ્યાજબી માંગણીઓ બાબતે શાંતિપુર્વકના પ્રયત્નોને પણ સ્વીકારતી નથી.અહિંસક અને લોકશાહી ઢબે કરાઈ રહેલા આંદોલનને નવ મહીનાનો સમય પસાર થયો છતાં સરકારો જાગૃત થઈ નથી.નેગોશીયેશન થયાને એક મહીનાનો સમય પસાર થઈ ચુક્યો છે.પરંતુ હજુ સુધી સરકાર તરફથી અપાયેલ કોઈ વચન પાળવામાં આવ્યું નથી.૫૬ હજાર લોકો સામે ખોટા કેસો કરવામાં આવ્યા છે.પરંતુ ખોટા કેસો અમારી પર લાદી લેવામાં આવ્યા છે તેનું નિરાકરણ આવ્યું નથી.પરંતુ અમારા નેતાઓ પર ખુનના આરોપો મુકવામાં આવી કેસો કરવામાં આવી રહ્યા છે.

અહેવાલો મુજબ ૭૦ હજાર લોકો એન્ટી ન્યુકલીયરનો વિરોધ કરી રહ્યાછે.જે ઈન્ડો રશિયન ન્યુક્લીયર કોલોબ્રેશન છે અને જે તીરુનીલવેલી જીલ્લામાં આવેલું છે.વિરોધ કરનારાઓમાં સ્થાનિક માછીમારો,મહિલાઓ,ચર્ચ લીડરો અને સામાજીક કાર્યકર્તાઓ સામેલ છે.

ભુતપુર્વ ચીફ જસ્ટીસ ઓફ ધ દિલ્હી હાઈકોર્ટ, એ.પી.શાહે ,પત્રકારોને જણાવ્યા પ્રમાણે તેઓ આ કેસને નેશનલ હ્યુમન રાઉટ્સ કમિશન સમક્ષ રજુ કરશે.તેઓ આ પ્રશ્નના સંદર્ભમાં એક જાહેર સુનાવણીના પ્રમુખ તરીકે નોધ્યું હતું કે સરકાર વિરોધ કરનારાઓ સામે બળવો કરવાના મુદ્દે કેસો દાખલ કરી શકે નહી,મને પોતાને નવાઈ લાગે છે કે સ્ટેટ હ્યુમન રાઈટ્સ કમિશન તામિલનાડું આ બાબતે કેમ મૌન છે તે સમજાતું નથી.પીટીઆઈએ આ જણાવ્યું હતું.

સમાચાર સંપાદન
શ્રી સંજય પોલ ચૌહાણ

દિલ્હીના અનાથાલયોમાં થતી જાતીય સતાવણી રોકવા દેખાવો

અનાથાલયોમાં થતી જાતીય સતાવણીના થયેલા આક્ષેપોના અનુસંધાનમાં સરકારે કેટલાંક મહત્વના પગલાં લેવાનું વિચાર્યું છે.આ પગલાં દ્વારા અનાથાલયોમાં થતી જાતીય સતાવણી દેશભરમાંથી દુર કરવા સરકાર કટિબધ્ધ છે.

લોકસભામાં એક લેખિત સવાલનો જવાબ આપતાં મુલ્લાપલ્લી રામચંદ્રન,મિનિસ્ટર ઓફ સ્ટેટ ઓફ હોમ એફેર્સે જણાવ્યુ હતું કે ચાઈલ્ડ ઈન્સ્ટીટ્યુશનને જુવેલીયન જસ્ટીસ(કેર એન્ડ પ્રોટેક્ટશન ઓફ ચિલ્ડ્રન)એક્ટ ૨૦૦૦ હેઠળ અનાથાલયોને આવરી લેવાશે.આ ઉપરાંત અનાથાલયોનુ નિરિક્ષણ કરવામાં આવશે અને ત્યાં સીસીટીવી કેમેરા પણ મુકવામાં આવશે.મોટે ભાગે જે સરકાર દ્વારા ચલાવાતા અનાથાલયો છે ત્યાં જરુરથી મુકાશે.જ્યાં બાળાઓના અનાથાલયો છે ત્યાં કર્મચારીઓ તરીકે માત્ર મહિલાઓની જ નિમણુંક કરવામા આવશે..દિલ્હીમાં ચાલતા સરકારી અનાથાલય બાબતે મળેલી ફરિયાદના અનુસંધાનમાં તપાસ કરવામાં આવશે.

અનાથાલયોમાં તાલીમબધ્ધ સ્ટાફ નથી.તેમજ તેમને પ્રાથમિક સારવાર આપવાનું પણ જ્ઞાન નથી.તેમાનો કોઈ સામાજીક કાર્યકર પણ નથી.કેટલીક મહિલાઓ અનાથાલયમાં ઉછરી છે અને ત્યાં જ કામગીરી કરી રહી છે.કેટલીક મહિલાઓ વિધવા છે અને કેટલીક મહિલાઓ લગ્ન ભંગિત છે.મોટાભાગની મહિલાઓ જે આ સંસ્થાઓમાં કાર્ય કરી રહી છે તેઓ તેમના જીવનથી કંટાળેલી કે ભંગિત થયેલ છે.તેઓ બાળકો સાથે કેવી રીતે વર્તવું કે કામ કરવું તેનાથી અજાણ છે. તેવું રીપોર્ટમાં જણાવાયું હતું.

દિલ્હીમાં આર્ય ઓરફાનેજ,ના ત્રણ પદાધિકારીઓ સામે ફરિયાદ નોધાઈ હતી અને તેમાં તેના વોર્ડનનો પણ સમાવેશ થાય છે તેમની પોલિસે ધરપકડ કરી હતી.એક વહીવટદારની સરકારે નિમણુંક કરી છે જે સંસ્થાનું વહીવટીતંત્ર સંભાળશેવુમન અને ચાઈલ્ડ ડેપલપમેન્ટ મિનિસ્ટ્રીએ આ કેસના અનુસંધાનમાં એક પરિપત્ર જાહેર કર્યો હતો જેમાં જુવેલીયન જસ્ટીસ એક્ટમાં સુધારા બાબતે જાણકારી હતી.જેમાં જણાવાયુ છે અનાથાલયો અને ચાઈલ્ડ કેર હોમ્સે ૧૮ વર્ષથી નીચેના બાળકોની માટે કેવી સંભાળ લેવી જોઈએ તે બાબતની સુચનાઓ જણાવાઈ છે.દિલ્હીની ફરિયાદ બાબતે શીલા દિક્ષિતે યોગ્ય કાર્યવાહી માટે કહ્યુ હતું.

ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

નવક્રાન્તિ સામાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

નવક્રાન્તિ સામાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સામાહિક જોઈ શકાશે.

નવક્રાંતિ

પેટ્રોલમાં ઝીંકાયેલો ભાવ વધારો ફરીથી એક વાર દેશની ગરીબ જનતા અને મધ્યમવર્ગના લોકો માટે આકરો પુરવાર થશે ! આંતરરાષ્ટ્રીય સ્તરે ખનીજ તેલમાં ભાવ વધારાને કારણે આપણે ભાવ વધારો કરતાં, હવે આપણો રુપીયો ધસાયો અને ડોલરની સામે નબળો પડ્યો માટે ભાવ વધારો.પેટ્રોલમાં થયેલ ભાવ વધારો હજુ પણ વધી શકે છે.પરિણામ એ આવશે કે જીવન જરુરીયાતની ચીજ વસ્તુઓના ભાવોમાં બેફામ ભાવ વધારો થશે. ગરીબ અને મધ્યમ વર્ગના ચુલા કેમ સળગશે તે મોટી સમસ્યા છે.દેશના વિરોધ પક્ષો કોણ ભાવિ વડાપ્રધાન બને તે માટેના ઉમેદવારો ને પ્રોજક્ટ કરવામાં પડ્યા છે.ભાવ વધારા સામે તેઓ માત્ર વિરોધ કરશે.એ માત્ર એક વિરોધ કરવા માટેનો વિરોધ છે.તેમણે દેશની સરકારની સાથે બેસીને ભાવ વધારા સામે બીજા કેટલાંક એવા પગલાં ભરવા માટે સંમતિ આપવી જોઈએ કે નક્કી કરાવવું જોઈએ જેથી દેશની જનતાની મુશ્કેલીઓનું નિવારણ થઈ શકે.

દેશના રાજ્યો માં વિવિધ પ્રકારના કરવેરાને પરિણામે પેટ્રોલ વધુ મોધું થાય છે. સરકારે આવા કરવેરા દેશભરમાંથી સિમિત કરવા જરુરી છે.જો એમ કરવામાં આવે તો ઘણી બધી બાબતોમાં ભાવો કાબુમાં લાવવવામાં તે મદદરુપ બની શકે તેમ છે.રૂ ૮૦ની આજુબાજુ વેચાઈ રહેલ પેટ્રોલ કરવેરા સિમિત કરવાથી રૂ ૫૦ની આજુબાજુ લાવી શકાય તેમ છે.પરંતુ તે માટે દેશભરના પક્ષો અને સરકારે ભેગા મળીને કસરત કરવી જોઈએ.કેન્દ્ર સરકારને એકલી જ ભાંડવાની નીતિથી ભલીવાર આવવાનો નથી.દેશની જનતાની મુશ્કેલીઓને અગ્રીમતા આપવાની જરુરીયાત છે.માત્ર વોટ લેવા માટે જ જનતા અને પછી ખુરશીઓ માટેની મોકાણ,દેશની જનતાનું ભલુ કરી શકે તેમ નથી.

વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

મંતવ્ય

પોલીસનો માનવીય અભિગમ

અમદાવાદના રખિયાલ વિસ્તારના સંજયનગરના છાપરામાં રહેતાં ૭૦ વર્ષના વૃધ્ધા ફાતીમાં બીબી, તેમના પૌત્ર ઈસ્તીયાલની ખુનના ગુનામાં ધરપકડ થતાં એકલાં પડી ગયા હતા. તેમને ખવડાવનાર કોઈ હતું નહી.ત્યારે રખિયાલ પોલિસે માનવીય અભિગમ દાખવીને આ વૃધ્ધાને દરરોજ ખવડાવવાની જવાબદારી ઉપાડી લીધી છે. રખિયાલ પોલીસના આવા માનવીય અભિગમને લોકોએ બિરદાવ્યો છે.રખિયાલના પી.આઈ.એમ.કે.પરમારે તથા તેમના પોલિસ સ્ટાફે વર્દીની ફરજ પુરી કરીને માનવતાની ફરજ પણ પુર્ણ કરી છે.જે એક અભિનંદનની બાબત છે.ત્યારે તમામ પોલિસ સ્ટાફે તેમને અનુસરવું જોઈએ અને સરકારે સબંધિતોની યોગ્ય કદર કરવી જોઈએ.

જયાનંદ એ. ગોહિલ,નડીયાદ.૨

અમેરીકા જેવી અતિ કડક ચકાસણી ભારતમાં પણ હોવી જોઈએ

અમેરિકા પરના આતંકવાદી હુમલા બાદ તેમણે બનાવેલા અતિ કડક નિયમોનો એરપોર્ટો પર સખત રીતે અમલ કરાંતા કેટલાક ખ્યાતનામ લોકોને તેમની અટકોને કારણે આકરી પુછપરછમાંથી પસાર થવું પડે છે.પરંતુ અમેરીકાએ -અધિકારીઓએ શરુ કરેલી કડક કાર્યવાહીને કારણે અમેરિકામાં વધુ આતંકવાદી હુમલા થતા અટકી ગયેલા છે. જો ભારત પણ એરપોર્ટો પર તથા બોર્ડર ઉપર આવી સખત કડક કાર્યવાહી અપનાવે તો આતંકવાદી હુમલા,દાણચોરી,નકલી નોટો ઘુસાડવી, વિગેરે બાબતો દેશમાં થતી અટકી જાય,ઘટોડો નોંધાય.ત્યારે આવી અતિ કડક પ્રક્રિયામાંથી પસાર થયેલ લોકોએ તેના વર્ણન સાથે સરકારને ભારતમાં પણ સખત નિયમો બનાવવા તથા તેનો એરપોર્ટો તથા સરહદો પર અત્યંત કડક રીતે અમલ કરાવવા સારુ વિનંતી કરવી જોઈએ, આગ્રહ રાખવો જોઈએ.

જયાનંદ એ ગોહિલ, નડીયાદ.૨

ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક, સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

પાણીની અછતે એક મહિલાનો મુંબઇ નજીક ભોગ લીધો

ભારતની ગણના વિશ્વમાં એક સુપર પાવર તરીકે કરવી જોઈએ.કારણકે સ્પેસ ટેકનોલોજીમાં તેમણે અગત્યનો વિકાસ સાધ્યો છે.ભારતીય વૈજ્ઞાનિકોએ ચંદ્રમાં ઉપર પાણી છે તે શોધી કાઢ્યું છે.પરંતુ આ દેશની ધરતી પર પાણી વગર લોકોના જીવન નષ્ટ થાય છે તે દિશામાં વિચાર્યું નથી.ભારતીય વૈજ્ઞાનિકોએ ચંદ્ર જે આપણાથી ઘણો દુર છે ત્યાં પાણી છે તે શોધ્યું,પરંતુ આપણે ત્યાં પીવાના પાણીની અછત છે અને લોકોને પીવાના પાણીની અછતને કારણે પોતાના જીવ ખોવા પડે છે તે બાબતે આપણે હજુ પછાત છીએ.

આ બાબતનો એક રીપોર્ટ તાજેતરમાં પ્રસિધ્ધ થયો હતો.જેનું શિર્ષક હતું કે 'પાણીની અછતને કારણે એક મહિલાએ પોતાનો જાન ગુમાવ્યો' આ એક આંચકાજનક સમાચાર છે.મુંબઈ નજીકના એક વિસ્તારમાં પાણી માટે એક મહિલાએ પોતાનો જાન ગુમાવવો પડે તે દુઃખદ ઘટના છે.વસઈના ધારાસભ્ય અને ચીફ ઓફ શ્રમજીવી સંગઠનના વિવેક પંડિતે પીટીઆઈને જણાવ્યા મુજબ આ બનાવની બાબત એવી છે કે પાર્વતી રામુ જાદવ નામની એક ટ્રાઇબલ મહિલા,જે ધોલેરા વિલેજ,જે મોકડા તાલુકામાં આવેલું છે ત્યાંની છે.તેણી પાણી લેવા માટે ટેન્કર પાસે ગઈ જે ચાર દિવસે એક વાર તેના ગામમાં આવે છે.તેણીનો નંબર આવે તે પહેલા ટેન્કરનું પાણી ખલાસ થઈ ગયું.ત્યારબાદ તેણી ગામના કુવા પર પાણી લેવા ગઈ.ત્યા પણ પાણી લેનારાઓની મોટી સંખ્યા મોજુદ હતી.આ ગામના લોકોને પીવાના પાણી માટે માઈલો સુધી રઝળપાટ કરવો પડે છે.તેણી પાણીના ટીપા માટે કેટલાક દિવસો સુધી તડકામાં રઝટપાટ કરતી રહી.ગત સપ્તાહે પાર્વતીને ગામના કુવા પરથી કે લાઈનમાં ઉભા રહીને જ્યારે પાણી મળ્યું નહી ત્યારે તેણી પોતાના ઘેર પાછા ફરવાનો નિર્ણય કર્યો.પરંતુ પાણી નહિ મળવાને કારણે રસ્તામાં તેણી મરણને શરણ થઈ.તેવું રીપોર્ટમાં જણાવાયું હતું.

ઉપરોકત રીપોર્ટ વાંચ્યા પછી આપણને પાણી માટે રઝળપાટ કરતી ટ્રાઈબલની મહીલાઓ માટે દુઃખ લાગે,જેમને પાણી માટે પોતાનો જીવ આપવો પડે.આવા સમયે રાજકારણીઓ દોષનો ટોપલો વહીવટી તંત્ર પર ઢોળી દે છે.રાજકારણી અને તેમના પક્ષો ચુંટણી ટાણે કેટલાંક વચનો આપે છે જેવા કે લેપટોપ,ગ્રાઈન્ડર, ટીવી, સાઇકલ,ધોતી,સાડી,મંદિર બાંધવાનું વિગેરે વિગેરે.પરંતુ લોકોને તે વખતે આ બધી ચીજવસ્તુઓ કરતાં પીવાના પાણીની જરુરીયાત બાબતે કોઈ વચન લેવાનું યાદ આવતું નથી.રાજકારણીઓ પીવાના પાણીથી ઉભી થતી કોઈપણ સમસ્યાની જવાબદારી લેવા તૈયાર હોતા નથી.ચુંટાયેલા પ્રતિનિધિ તરીકે તેઓ તેમની જવાબદારી અદા કરવામાં નિષ્ફળ જતા હોય છે.જે તેમની બંધારણીય જવાબદારી છે.રાજકીય પક્ષોને માનવીયજીંદગી કરતાં વોટનું મુલ્ય વધારે હોય છે.મરણ પામેલો વ્યક્તિ વોટ કરી શકતો નથી.તેઓને તો ચુંટણી જીતવામાં માત્ર રસ હોય છે.

સરકારી વહીવટી તંત્ર,બ્યુરોક્રેસી એ વિશ્વનું સૌથી જડ તંત્ર છે.તેમનામાં લાગણીઓ હોતી નથી.સરકારી અધીકારીઓને તેમના પોતાના વિકાસમાં રસ હોય છે અને પોતાને આર્થિક રીતે સધ્ધર કરવામાં રસ હોય છે.ચાર દિવસમાં એક વાર પાણી આપવું એ સરકારી અધિકારીઓ માટે સિધ્ધિ સમાન હોય છે.સરકારી અધિકારીઓ જનતાને જવાબદેહી હોતા નથી.તેઓ પોતાની આખી કારકીર્દી દરમિયાન ક્યારેય સમાજ કે દેશને માટે કોઈ ભોગ આપતા નથી.બ્યુરોક્રેટ એવું માને છે અને પુરવાર કરે છે કે તેઓ એ જે કંઈપણ કર્યું છે તે દેશના બંધારણ,અને દેશના કાયદાની જોગવાઈઓ મુજબ છે.સરકારી મશીનરી માત્ર રાજકારણીઓ અને તેમના પોતાના સિવાય કોઈનો મદદ કરતાં નથી,જનતાને તો નહીંજ.

બીજો એક સવાલ ઉભો થાય છે કે એક મહિલાએ પોતાના ઘરની જરુરીયાત માટે પાણી લેવા અહી તહી રઝળપાટ શા માટે કરવો પડે ? એક ગામની રસપ્રદ ઘટના છે.કેટલાક પુરુષો એક ઝાડની નીચે બેસીને પત્તાની રમત રમી રહ્યા હતા.જ્યારે આ ગામની મહીલા માથા ઉપર માટલુ મુકીને પાણી ભરીને લઈ જઈ રહી હતી.એક બહારની વ્યક્તિએ પત્તા રમી રહેલા પુરુષોને પ્રશ્ન કર્યો કે શા માટે તમે આ મહિલાને સાઈકલ પર પાણી લાવવા માટે મદદ કરતાં નથી.એક પુરુષે જવાબ આપ્યો કે જો અમો તેમ કરીશું તો આ મહીલાઓ આળસુ બની જશે.અને તેણીઓ કામ વગરની બેસી રહેશે,કાં નાચ કરશે કે કોઈ રમત રમશે.મહિલાઓ આળસુ ના બની જાય માટે લાંબા અંતરથી તેમને પાણી ભરી લાવવાની જવાબદારી વહોરવી પડે છે.તેથી તેઓ સરકાર પાસે પાણીની સમસ્યાનું નિરાકરણ માંગતા નથી.

અમેરીકન મહિલા કે યુરોપીયન મહીલા,ભારતીય મહિલાઓની માફક ક્યારે લાંબા અંતરેથી પાણી ભરી લાવતી નથી.કારણકે ત્યાં મહિલાઓ પુરુષોની સમોવડી છે.ત્યાં જો સમસ્યા હોય તો સ્ત્રીઓ પુરુષોને તેમની સાથે જોતરે છે.ભારતમાં મહિલાઓએ ગમેત્યાંથી,ગમે તે રીતે પાણી લાવવું પડે છે.પુરુષો તેમને મદદ કરવામાં આંગળી પણ અડાડતા નથી.ભારતના પુરુષો તેમની સ્ત્રીઓને એટલું ચાહતા નથી કે તેઓ તેમને મદદ કરે.અહીયા મહિલાઓને તેમના પુરુષોની સગવડનું જ ધ્યાન રાખવાનું હોય છે.પુરુષો મહિલાઓને તેમના કાર્યમાં મદદરુપ થવામાં હિનતા અનુભવે છે.

સૌથી વધુ સહન કરનારાઓ અભણ,અજ્ઞાની,ગરીબ અને સગવડ વગરના લોકો છે.તેમને તેમના અધિકારોથી વંચિત રાખવા અને સતત તેમનું શોષણ કરવું, એવું એક માનસ ઘડાયેલુ હોય છે.સરકાર પણ સમાજમાં આવા પરિવર્તનો ઝંખતી નથી.સામાન્ય માણસો રાજકીય સત્તા સામે સંગઠિત થઈ શકતા નથી અને તેમની કાયદેસરની માંગણીઓ બાબતો રજુઆત કરી શકતા નથી.કેટલાંક શહેરોમાં વોટર પાર્ક,થીમ પાર્ક,ફાઉન્ટેન એ લોકોના મોજશોખનું કારણ છે.જ્યારે ગરીબો માટે પીવાનું પાણી મળતુ નથી અને તેની અછત પડે છે.કેટલીક હોટલોમાં પાણીનો બગાડ કરવામાં આવે છે.જ્યારે ગરીબોને તેમના જીવન ટકાવવા માટે પાણીની લીકેજ થતી પાઈપોમાંથી,કે પાણીની ટ્રકોમાંથી પાણી લેવું પડે છે.અમીરોના પ્રસંગોમાં,કે અન્ય ફંકશનોમાં પાણી જ પાણી હોય છે અન ગરીબોને ક્વોટા ઉપર પાણી મળે છે,અને તે હોય ત્યા સુધી.

દરેક વ્યક્તિને પીવાનું પાણી મળે તે જોવાની જવાબદારી ભારત સરકારની છે.જો આપણે ચંદ્રમાં ઉપર પાણી શોધી શકતા હોય અને માટે વૈજ્ઞાનિક પધ્ધતિઓનો ઉપયોગ કરી શકતા હોય,તો માનવીની મુળભુત જરુરીયાત પીવાના પાણી માટે કેમ કશું કરી શકતા નથી.તે એક સવાલ છે.સુપર પાવરનું લેબલ લગાડીને ફરવાથી કોઈ ફાયદો નથી જ્યાં સુધી આપણે સામાન્ય માનવીની મુળભુત જરુરીયાત સંતોષી શકીએ નહી.સામાન્ય નાગરિક મહત્વનો છે,સુપર પાવરનું લેબલ નહીં.

પેગ્વીન ખારા પાણીને પીવાલાયક બનાવી શકે છે.
કાંગારૂ ઊંધા પગે ચાલી શકતુ નથી.

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

આવો મૂડીવાદ સીવીલ વોર ન નોતરે તો સારું!

સ્ટાલિનની સત્તાભૂખી સરમુખત્યારી સમાજવાદી અર્થતંત્રને બદનામી આપી અને રૂસી સંઘના વિસર્જન પછી સામ્યવાદી ચીને મૂડીવાદી અર્થતંત્ર અપનાવી લીધું. ૧૯૯૦-૯૧ની આર્થિક કટોકટીમાંથી ઊગરવા માટે કોંગ્રેસપક્ષે નેહરૂવાદી સમાજવાદને પડતો મૂક્યો અને નાણામંત્રી મનમોહન સિંઘે ભારતીય મૂડીવાનો પ્રારંભ કર્યો.

આ મૂડીવાદી અભિગમના ફળરૂપે દેશનો ઝડપી અને સર્વાંગી વિકાસ થયો, ઔદ્યોગિક ઉત્પાદન વધ્યું. દેશમાં કરોડપતિઓની સંખ્યા કૂદકે ને ભૂસકે વધવા લાગી. રસ્તાઓ, રેલ્વે, ટેલીફોનો, વિમાનોની સેવાઓ મળવા લાગી અને વીસ વરસમાં તો ભારત આર્થિક ક્ષેત્રે મહાસત્તા બનવાની નજીક પહોંચ્યું. પરદેશી મૂંડીનું ભારતમાં રોકાણ થયું અને ભારતીય ઉદ્યોગપતિઓએ પરદેશમાં ઉદ્યોગો, હોટલો સ્થાપ્યાં. આ મૂડીવાદી ઝપટમાં નેહરૂના સમાજવાદની જોડાજોડ ગાંધીજીનો સર્વોદયવાદ પણ ખૂણામાં હડસેલાઈ ગયો.

પણ ભારતીય મૂડીવાદ આપણી પરંપરા છોડી શક્યો નથી અને સામંતશાહી પરંપરા અને મૂડીવાદી અભિગમના સંયોગથી ઊભા થયેલા રાક્ષસી મૂડીવાદ અંગે તાજેતરમાં શ્રીમતી અરૂંધતી રોયે એક ભૂતકથા લખી છે (કેપીટાલિઝમઃઅ ઘોસ્ટ સ્ટોરી) મુંબઈમાં મુકેશ અંબાણીના મહાકાય રાજમહેલના વર્ણનથી તેમણે શરૂઆત કરી છે કારણ કે ભારતીય અર્થતંત્રના ઘાતકી સ્વરૂપોનું સર્વોત્તમ પ્રતીક આ મહાલયને ગણાવી શકાય.

ભારતની સરેરાશ માથાદીઠ આવકના મોટા આંકડાથી અંજાઈ જનારને અરૂંધતી રોયે પડકાર્યા છે કારણ કે માત્ર નવેક હજાર કુટુંબો-લગભગ ૫૦,૦૦૦ નાગરિકો ભારતની કુલ સંપત્તિના ૭૦ ટકાના માલિક છે. અબજની વસતી ગણીએ તો ૯૯ કરોડ, પચાસ લાખ પચાસ હજાર માણસો પાસે બાકીની ૩૦ ટકા સંપત્તિ છે. દસ હજારે એક માણસ ભારતમાં માલદાર છે. અને ૩૦ ટકા જેટલા નાગરિકોની આવક મહિને ૭૦૦ રૂપિયા જેટલી છે તે આયોજન પંચે ઠરાવ્યું છે. પાંચ માણસનું કુટુંબ ગણીએ તો સાડા ત્રણ-ચાર હજાર રૂપિયામાં મહિના-દિવસે પૂરું ધાન ખાવાનું પણ શક્ય નથી. શિક્ષણ, દાક્તરી સેવા, માથે છાપરું હોય તેવુ ઘર અને અવરજવરનો ખર્ચ તો ક્યાંથી નીકળે?

બીજી રીતે જોઈએ તો અમેરિકામાં એક ટકા લોકો દેશની ૫૦ ટકાની સમૃદ્ધિ ધરાવે છે અને ૯૯ ટકાએ બાકીમાંથી ભાગ પાડવો પડે છે. આપણે ત્યાં ૦.૦૦૧ ટકા લોકો ૭૦ ટકા મિલકત દબાવીને બેઠા છે. ગરીબ અને તવંગર વચ્ચેની ખાઈ અમેરિકામાં પણ છે. આપણે ત્યાં પણ છે. પણ આપણે ત્યાં ગરીબ અને તવંગર વચ્ચેની ખાઈ સો ટકા વધારે ઊંડી ને પહોળી છે. વધારે ચોંકાવનારી વાત એ છે કે આપણા શ્રીમંતો અમેરિકાના શ્રીમંતો કરતાં વધારે કંજૂસ અને ધનલોભી છે. સામાજીક સેવા કાર્યો માટે અમેરિકન શ્રીમંતો ધન-મર્યાદામાં જેટલાં નાણાં ખર્ચે છે તેના કરતાં આપણે ત્યાં ઘણાં ઓછાં નાણાં ખર્ચવામાં આવે છે.

આપણાં ધન-ધર્માદા મોટાભાગે ધર્મસ્થાનોમાં અપાય છે.આમાંથી એક પણ ધર્મસ્થાન ગરીબહ નથી. શ્રીમંત ધર્મસ્થાનો-તિરુપતિ, શીરડી કે સિદ્ધિવિનાયકને ત્યાં ધનનો પ્રવાહ ઠલવાય છે. આ નાણાં ધર્મના ભક્તિભાવથી અપાય છે. અને પોતે કરેલી ચોરી-લબાડી અને ગૂનાખોરી અંગેના ઈશ્વરી ખોફના ડરથી અપાય છે.

શ્રીમંતો પોતાના પાપમાં ભગવાનનો પણ સમાવેશ કરીને સજામાંથી છટકી જવા માટેનો વીમો ઊતરાવી લેતા હોય છે. બધા દેશોમાં બધા ધર્મનાં સ્થાનકો-સંસ્થાઓને મબલખ નાણાં મળે છે, પણ અન્ય દેશોમાં યુરોપ, અમેરિકામાં ધર્મની જોડાજોડ સમાજને પણ લાભ મળે છે. આપણે ત્યાં સમાજની લગભગ બાદબાકી થાય છે. વ્યક્તિગત ધોરણે મોટી દેખાતી રકમ દેશની સમગ્ર સંપત્તિ અને ધનપતિઓના ભંડારની સામે તદ્દન નજીવી બનતી જાય છે.

નવા જમાનામાં શિક્ષણ અને આબોહવાથી આ પરિસ્થિતિ ફેરવાશે તેવો આશાવાદ નરી ભ્રમણા છે. શિક્ષણ સંપત્તિનો દરવાજો છે પણ આ શિક્ષણ કેટલું મોઘું છે અને એટલું જવલ્લે અપાય છે કે કે માત્ર અતિ શ્રીમંત લોકો જ તેનો લાભ મેળવી શકે છે. શહેરોમાં શ્રીમંત સમાજની નવી પેઢી જે શિક્ષણ પામી શકે છે તે દૂરદરાજ પડેલાં ગામડાંનાં ગરીબ બાળકોને મળતું જ નથી. ગરીબ વર્ગ બધી રીતે વધારે ને વધારે દરિદ્ર બનતો જાય છે:ધન, શિક્ષણ, બુદ્ધિમત્તા બધામાં.

માનવ વિકાસના આંકના હેવાલો યુનો તરફથી પ્રસિદ્ધ થાય છે તેમાં આનો પુરાવો મળશે. છેલ્લાં વીસ વરસમાં આર્થિક વિકાસમાં જબરજસ્ત ઉમેરો થયો, પરંતુ ભારતમાં ભૂખમરાનું પ્રમાણ સહેજ જ ઘટ્યું છે. બાળમરણની બાબતમાં એશિયાના સંખ્યાબંધ દેશો કરતાં ઊતરતા છીએ. ભારતમાં સંડાસ ઓછાં છે અને મોબાઈલ વધારે છે.વચ

સંપત્તિથી આપણે ત્યાં ગુનાખોરી અને ઘાતકીપણામાં ઉમેરો થયો છે. શ્રીમંત,સત્તાધારી વર્ગોને અદાલતો વધારે પડતું સંરક્ષણ આપે છે. શ્રીમંતોના નશાબાજ નબીરાઓ રસ્તે સૂતેલા ગરીબ માણસોને કચડી નાખવાના દાખલાઓ વધતા જાય છે કારણ કે તેમને કશી સજા થતી નથી અને સજા થવાની નથી તેની ખાતરી હોવાથી તેમને કશો ડર કે સંકોચ રહ્યા નથી. અને ઘાતકીપણામાં ઉમેરો થયો છે. શ્રીમંત સત્તાધારી વર્ગોને અદાલતો વધારે પડતું રક્ષણ આપે છે. શ્રીમંતોના નશાબાજ નબીરાઓ રસ્તે સૂતેલા ગરીબ માણસોને કચડી નાખવાના દાખલાઓ વધતા જાય છે કારણ કે તેમને કશી સજા થવાની નથી તેની ખાતરી હોવાથી તેમને કશો ડર કે સંકોચ રહ્યા નથી.

ભારત અને ચીન પલટાતા અર્થતંત્રના અને વિકાસશીલ દેશોના નમૂનાઓ છે. ચીનમાં સરમુખત્યારી છે અને આપખુદ શાસનમાં સૌથી પહેલી હત્યા સત્યની કરવામાં આવે છે. તેથી ચીની સરકારે આપેલા આંકડા કેટલા સાચા-ખોટા છે તે આપણે જાણી શકતા નથી, પણ સાચા હોવાનું માની લઈએ તો ચીનનો વિકાસ આપણા કરતાં વધારે સર્વાંગી અને સર્વગ્રાહી છે અને ગરીબ-તવંગર વચ્ચેની ખાઈ પુરાતી જાય છે. ચીની મૂડીવાદની સૌથી મોટી સમસ્યા સમૃદ્ધિ અને લોકશાહી વચ્ચેની કશમકશ છે.

આપણે ત્યાં આર્થિક વિકાસની સૌથી મોટી ખામી તેની અસમતુલામાં રહેલી છે. ગરીબાઈ સર્વગ્રાહી રોગ છે અને માત્ર ગરીબો જ નહિ, પણ આખા સમાજે તેની કિંમત ચૂકવવી પડે છે.મૂડીવાદ ગ્રાહકોની સંખ્યા અને ખરીદશક્તિ પર નભે છે. ગરીબાઈ આ સંખ્યા અને આ શક્તિમાં મોટો ઘટાડો કરી નાખે છે અને તેથી મૂડીવાદ પાંગળો બની જાય છે. સૌઃ દિ.ભા.)

લેખકઃ નગીનદાસ સંઘવી

ઓરિસ્સામાં ગરમીના પ્રકોપથી ૩૭ લોકોના મોત થયા

ઓરિસ્સામાં છેલ્લા કેટલાક સપ્તાહથી ગરમીના વ્યાપક પ્રકોપને કારણે ૩૭ લોકોના મોત થયા હતા.કેટલાક દિવસોથી ગરમીનો પારો ૪૦ ડીગ્રી કરતાં ઉચો જવા પામ્યો હતો.સરકારે લુ લાગવાથી થયેલ મોતથી દસ હજારનું વળતર મરનારના કુટુંબીજનોને આપવાનું નક્કી કર્યું હતું. આ રકમ ચીફ મિનીસ્ટરના ફંડમાંથી આપવામાં આવશે.સરકાર લુ સામે જાગૃતિ માટે જાગૃતિ કેમ્પોનું આયોજન કરી રહી છે.સરકારે સબંધિત ખાતાઓને પાણી પુરવઠો,વીજળી અને દવાઓનો જથ્થો પુરો પાડવા માટે જણાવ્યુ હતું.

ગ્લોબલ વોર્મીગના કારણે દેશમાં ચારે બાજુ કુદરતનો કોપ જોવા મળે છે. કયાંક ગરમી છે,ક્યાંક બરફ વર્ષા છે.વિગેરે વિગેરે,આપણે જાગવાની જરુર છે.

એન્ડ(End)નો મતલબ કે અર્થ અંત નથી,
તેનો અર્થ એ થાય છે કે પ્રયત્નો કદી મરતા નથી.
(effort never dies),
અને જો તમારો જવાબ ના (No) હોય,
તો ના (No) નો અર્થ એવો થાય છે કે બીજી તક
(Next Opportunity)

ડૉ.હેમેન્દ્ર જી. પરીખ

પી.જી.યોગા,ડીએચએમએસ

યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ

એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

આણંદ ખાતે લવાજમ સ્વીકારશે

૧.શ્રી કિરીટભાઇ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.પરીખ ભુવન પાછળ,આણંદ.૧
મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી સુનીલકુમાર એમ.
ઇમાનુએલ સોસા.ભાલેજ રોડ,
આણંદ.૧ મો.૯૭૧૨૭૪૫૧૯૫
૦૨૬૯૮૨-૨૫૯૨૩૪
૩.શ્રી ગીદીયોલ પોલ,
કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે.	નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે.
શ્રી લોઇડભાઇ ક્રિશ્ચિયન, જીવન સાહિત્ય ભંડાર, લોરેન્સ એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮ ઓલ ઇન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ, શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨	શ્રી ભાઇલાલભાઇ ટેલર, પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨ શ્રી વિલિયમભાઇ ટી.પરમાર, નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨ શ્રી.એસ.કે અમીન, આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨

ચમત્કાર માટે પ્રાર્થના અગત્યનું બળ છે.

ઈશ્વર માટે બધુંજ શક્ય છે.જો તમે તમારા જીવનમાં ચમત્કારનો અનુભવ કરવા માંગતા હો,તો અવશ્ય કરી શકો છો.પરંતુ એ શક્ય ક્યારે બને,જ્યારે તમે તમારા જીવનમાં ઈશ્વરને સામેલ કરવાનું સ્વીકારો.તેને તમારા જીવનમાં આમંત્રણ આપો.કોઈપણ પરિસ્થિતિ હોય,મુશ્કેલીઓથી ભરપુર અને અશક્યતાઓ ઘેરાયેલી પરિસ્થિતિ હોય,ત્યારે તમે ઈશ્વરની સહાય માંગો.જો કે મોટેભાગે મુશ્કેલીઓ અને વિકટ પરિસ્થિતિઓમાં આપણે ઈશ્વરને યાદ કરતાં નથી કે સહાય માંગતા નથી.પરંતુ જો તેમ કરવામાં આવે તો અવશ્ય તમારા જીવનમાં તમે ચમત્કારનો અનુભવ કરી શકો છો.તમારે સંપુર્ણ વિશ્વાસથી ઈશ્વરની સહાય માંગવાની હોય છે.જો તમે ઈસુ ખ્રિસ્ત જે દેવનો પુત્ર છે તેનામાં તમે શ્રધ્ધા કે વિશ્વાસ ધરાવતા હો.તેથી કોઈપણ જાતના અવિશ્વાસ વગર તમે તેની પ્રાર્થના કરો.ચમત્કાર માટે પણ,તમે ઈશ્વરને તે માટે કહી શકો છો.

જો તમે કોઈપણ જાતના ચમત્કારની અપેક્ષા રાખતા હો,તો કોઈપણ જાતની ખાસ વિધિ કે એવી બાબતો એમાં હોતી નથી,કે જે માત્ર તમને આવું કરતાં રોકી શકે.ચમત્કાર થઈ શકે છે જ્યારે તમે ઈશ્વરની હાજરીને તમારી મુશ્કેલીઓના સમયે આવકારો.તેથી કોઈપણ જાતની ચિંતા કર્યા વગર તમે ઈશ્વરને તમારી પ્રાર્થના દ્વારા તમારી માંગણી બાબતે સહમત થવા માટે ખાસ વિનંતી કરો.અને તમે તમારા જીવનમાં ચમત્કારનો અનુભવ કરી શકશો. ખુબજ સામાન્ય રીતે તમે તમારી તમામ બાબતોમાં ઈશ્વરને આમંત્રીત કરો.તેમની મદદ માંગો અને તમે જે કાર્ય કરવા માંગો છો તેમાં વિશ્વાસ રાખીને તમારા માટે ઈશ્વર તમામ બાબતો પુરી કરે તેવી વિનંતી કરો.

કેટલીક વાર તમે ચમત્કારની આશા રાખતા હો,પરંતુ તેમાં ઈશ્વરની ઈચ્છા ના પણ હોઈ શકે.કેટલીક વાર અંધકારના પરિબળો તમારી પ્રાર્થનાની આડે આવતા હોય અને તમે જે ચમત્કારની આશા રાખતા હો ,પરંતુ તે થઈ શકતો ના હોય. કેટલીકવાર તમારા જીવનમાં પાપે અગત્યનો ભાગ ભજવ્યો હોય તેથી તમારી પ્રાર્થનાનો જવાબ ના મળતો હોય,અને આવી બાબતો તમને ઈશ્વરના દ્વારા તમારા જીવનમાં થતા ચમત્કારમાં રુકાવટ બની શકે.જ્યારે કેટલીક વાર તમને તમારી પ્રાર્થનામાં પુરો વિશ્વાસ ના હોય,અને આમ છતાં તમે ચમત્કારની અપેક્ષા રાખી રહ્યા હોય.જેથી તમારે તમારી પ્રાર્થના આવતી રુકાવટો દુર કરવા સહુ પ્રથમ પ્રયત્ન કરવો પડે. અને ત્યારબાદ તમે હળવા બની શકો.તમારો વિશ્વાસ અને તમારી વિશ્વાસ સભર પ્રાર્થનાનો ઈશ્વર અચુક જવાબ આપે છે.

ઈશ્વર દરેકના જીવનમાં ચમત્કાર કરવાનુંપસંદ કરે છે.તે દ્વારા તે તેનો તમારી પરનો પ્રેમ પ્રર્દશિત કરે છે.જ્યારે તમે તમારા જીવનમાં ચમત્કારનો અનુભવ કરો ત્યારે ઈશ્વરનો જરુરથી આભાર માનો.તમને એવું લાગે કે ઈશ્વર તમારા જીવનમાં કોઈ ચમત્કાર કરી શકે કે કેમ,પરંતુ તે માટે તમારે તેને વિનંતી કરવી પડે.તમે ઈશ્વર આગળ એ બાબતને સ્પષ્ટ કરો કે પ્રભુ તારી ઈચ્છા પુરી થાવ,અમારી નહી.તમારી શંકાઓ એની આગળ કબુલો,તમારી આત્મિક વૃધ્ધિ માટે તેની મદદ માંગો.તમે એવું માનો છો કે તે તમારા માટે જરુરથી બધુ કરી શકે છે તો ઈશ્વરને તમારા જીવનમાં તે કરવાની તક અને આમંત્રણ આપો.

જો તમે બીજાઓને તેમની ભુલો

માફ કરી શકતા નથી,તો તમારી આ નબળાઈ તમારી પ્રાર્થનાઓને અટકાવે છે.તમારી પ્રાર્થનાઓનો જવાબ મળતો નથી.ઈશ્વર એવું ઈચ્છે છે કે તમે તેની આજ્ઞાઓનું પુરેપુરુ પાલન કરો.યાદ કરો કે ઈશ્વરે તમને ઘણું બધુ માફ કર્યું છે.તેથી તમારે તેની આજ્ઞા પ્રમાણે અવશ્ય કરવું જોઈએ.તમે તેમ કરી શકતા નથી તો ઈશ્વરની મદદ માંગો કે તમને તેમ કરવામાં તે તમારી મદદ કરે.તેની આજ્ઞા છે કે તમે બીજાઓની ભુલની માફી આપો.

જ્યારે શેતાન તમારા આત્મિક જીવનમાં થતા ચમત્કારોને રોકે છે,ત્યારે તમારે તેની શક્તિઓ તોડવા માટે ઈશ્વરની પ્રાર્થના કરવી જરુરી છે.સહુ પ્રથમ તમારી નબળાઈઓ, તમારા પાપોની કબુલાત કરી ઈશ્વરની માંફી માંગો.ઈસુ ખિસ્ત અને તેના પવિત્ર લોહી દ્વારા તમારા પાપોની માફી માંગો.પવિત્ર આત્માનું સામર્થ્ય માંગો કે જે તમને તમારી પ્રાર્થનાઓમાં વિક્ષેપ નાંખતા પરિબળોને અટકાવી તમારી પ્રાર્થના વિજવંત બને તે માટે મદદ કરશે.ઈશ્વર પાસે રક્ષણ માંગો,જેથી ભવિષ્યમાં તમારી પ્રાર્થનાઓમાં વિક્ષેપ ના પડે.કોઈપણ પ્રકારના બંધનો તમારી પ્રાર્થનામાં બાધારુપ બનતા હોય,ત્યારે તેમાંથી છુટકારો મેળવવા માટે ઈશ્વરની સહાય માંગો.

જ્યારે તમે પ્રાર્થના કરો છો ત્યારે તમારી દરેક બાબતને વિગતવાર તમારી પ્રાર્થનામાં રજુ કરો.પ્રાર્થનામાં અટકાવરુપ બાબતોમાં દારુ, અશ્લિલતા,ઝગડાઓ જેમાં ઈર્ષા, ભંભેરણી,ગુસ્સો અને બીજી અનેક બાબતો છે જે ઈશ્વરને ગમતી નથી તે તમારી પ્રાર્થનામાં અટકાવરુપ બને છે.જેથી આ તમામ બાબતો ત્યજીને તમે પ્રાર્થના કરો ત્યારે તમારી પ્રાર્થનાનો સ્વીકાર કરવામાં આવશે.

જ્યારે ઈશ્વરના સાનિધ્યમાં વધુ સમય ગાળો છો ત્યારે તમે ચમત્કારની અપેક્ષા રાખી શકો છો.કારણકે પ્રાર્થના દ્વારા ઈશ્વરની શક્તિ તમારા જીવનમાં પ્રવેશ કરે છે.અને તમારી પ્રાર્થનાનો અવાજ સ્પષ્ટપણે ઈશ્વર સાંભળી શકે છે.અને તેના કારણે ચમત્કાર થાય છે.તમારા સારા અને ખરાબ સમયમાં ઈશ્વરની આરાધના સતત કરતા રહો.જ્યારે તમે ઈશ્વરને સંપુર્ણ સમર્પિત બની ને જીવો છો ત્યારે તમારા જીવનમાં તમે જરુરથી જોઈ શકશો કે ઈશ્વર ચમત્કાર કરતો જ રહે છે.કોઈપણ પ્રકારના મહત્વના નિર્ણયો લેતા પહેલા ઈશ્વરની ઈચ્છા શું છે તે જાણવા પ્રયત્ન કરો.પવિત્ર આત્માની પાસે અપેક્ષા રાખો કે તમારા માટે ઈશ્વરનું આયોજન અને ઈચ્છા પુર્ણ કરે.ઈશ્વર માટે જીવો,અને જ્યારે પણ ઈશ્વરને તમારી જરુર પડે ત્યારે તેનો સાદ સાંભળો.તેના લોકોની મદદ કરો.

તમે તમારા જીવનમાં ઈશ્વરની ઈચ્છા શું છે તે શોધો છો,ત્યારે કેટલીક વાર ઈશ્વર ચોક્કસ નિશાની દ્વારા તે બતાવે છે.અને કેટલીક વાર તે શાંતિ જાળવે છે.નમ્રતાપુર્વક પ્રાર્થના કરો અને હરરોજ તેના ડહાપણની શોધ કરો,અને જ્યારે ઈશ્વર તમને રસ્તા સુઝાડે ત્યારે તમે તેને વિશ્વાસપુર્વક વળગી રહો કે અમલ કરો.ત્યારે ચમત્કાર બની શકે છે. ઈશ્વર ઘણી વાર લાંબો સમય લે છે.જયારે આપણે માણસજાત તરીકે તાત્કાલિક પરિણામની આશા રાખતા હોઈએ છીએ.કેટલાક લોકો ચમત્કાર થાય માટે પ્રાર્થના કરતા હોય છે.જ્યારે તેમને જવાબ મળતો નથી,ત્યારે તેઓ પ્રાર્થના કરવાનું છોડી દે છે.પરંતુ ઈશ્વર હંમેશા તમારી પ્રાર્થનાનો જવાબ આપે છે.અને જવાબ હા માં પણ હોય અને ના માં પણ હોઈ શકે છે.તે બાબત સ્પષ્ટ છે.તમારે ધીરજ પુર્વક જવાબની રાહ જોવાની છે.કે જેથી ખરેખરા સમયે તેનો જવાબ આવે. પરંતુ આ સમય દરમિયાન ક્યારે પ્રાર્થના છોડશો નહી.ઈશ્વરમાં શ્રધ્ધા રાખો અને ઈશ્વર તેમની ઈચ્છા પુરી કરે તેવો વિશ્વાસ રાખો.

'વ્હેન યુ નીડ એ મીરેકલ,હાઉ ટુ આસ્ક ગોડ ફોર ધ ઈમ્પોસીબલ', લીન્ડા ઈવાન્સ શેફર્ડની બુકની તંત્રી નોધ ઉપર આધારિત

લિન્ડા ઈવાન્સ શેફર્ડે ૩૦૦ પુસ્તકો લખ્યા છે.જેમાં વ્હેન યુ ડોન્ટ નો વોટ ટુ પ્રે, હાઉ ટુ ટોક ટુ ગોડ એબાઉટ એનીથીંગ,એન્ડ વ્હેન યુ કાન્ટ ફાઈન્ડ ગોડ, હાઉ ટુ ઈગ્નાઈટ ધ પાવર ઓફ હીઝ પ્રેઝન્સ વિશેષ જાણીતા પુસ્તકો છે. આ ઉપરાંત તેઓ પોર્ટલુક ક્લબ અને પોર્ટલુક કેટરીંગ ક્લબના કો.ઓથર છે.તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતા વ્યક્તા,તેમજ જાણીતા પર્સનાલીટી છે.ડેસ્ટાર અને ડેનવર ટીવીના હોસ્ટ તરીકે પણ તેઓ વિખ્યાત છે.તેમના શો દ્વારા પાંચ લાખ લોકોએ વિશ્વાસ કર્યો છે.રાઈટ ટુ ધ હાર્ટ ટીવીના તેઓ શોધક છે.

ઓલેમ્પીક ટોર્ચ રેલી માટે ચર્ચે પ્રાર્થનાની અપીલ કરી

લંડન ઓલેમ્પીક સ્ટેડીયમમાં ટોર્ચ રેલી ૨૭ જુલાઈએ પ્રવેશ કરશે ત્યાં સુધીનો ૭૦ દિવસનો સમય પસાર થવાનો બાકી છે.આ દિવસોમાં આ ટોર્ચ રેલીનો ઉત્સાહ વધારવા માટે ચર્ચે પ્રાર્થનાની અપીલ કરી હતી.ટોર્ચ રેલી ૧૦૦૦ ટાઉન,સીટી અને વિલેજમાંથી પસાર થશે.પ્રેઈઝ બસ,વર્શીપીંગ સીંગર્સ,અને મ્યુઝીશીયન સાથે રેલીના પ્રવાસ રુટ ઉપર પ્રથમ પ્રવાસ કરશે.

અમ્રેલા ગ્રુપ ફોર ચર્ચ આઉટરીચ,દ્વારા ઓલેમ્પીકમાં ગોલ્ડ કરતાં વધારે ખ્રિસ્તીઓએ પ્રાર્થના ઈવન્ટમાં ભાગ લેવા અપીલ કરી હતી.તેમણે કહ્યું હતું કે ઓલેમ્પીક ટોર્ચ જર્ની હજારો કોમ્યુનીટીઓની વચ્ચેથી પસાર થશે.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

રૂબિના એપાર્ટમેન્ટ, ડૉ. લોરેન્સ એવન્યુ પાસે,સિયોન નગર
મણિનગર પૂર્વ , અમદાવાદ - ૮
જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૯૮૨૫૩૬૯૪૨૦

શાલેમ મેરેજ બ્યુરો

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-
શ્રી ભાઇલાલભાઇ એસ. ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૫૭૪૩૭૦૪૩૨

જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.